પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૨૮૫, કુલ પાનાઃ૪, તારીખઃ ૨૭-૦૭-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 285 PRICE :-RS. 1.50 DATE : 27-07-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### સરકારને બે વર્ષ પૂરા થવાના અવસરે જ યેદિયુરપ્પાનો મોટો ધડાકો

# કર-નાટકઃ સસ્પેન્સનો અંત, યેદિયુરપ્પાનું CM પદેથી રાજીનામું



બેંગ્લુરૂ,

છેલ્લા ઘણા દિવસોથી ચાલી રહેલી અટકળોની વચ્ચે કર્ણાટકના મુખ્યમંત્રી બીએસ યેદિયુરપ્પાએ સોમવારે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. યેદિયુરપ્પાએ રાજભવન પહોંચીને રાજ્યપાલને પોતાનું રાજીનામું સોંપી દીધું છે. યેદિયુરપ્પાએ પોતાના રાજીનામાની જાણકારી તેમની સરકારને ૨૬ જાન્યુઆરીએ બે વર્ષ પૂરા થવાના આયોજિત કાર્યક્રમમાં આપી છે. રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે કોઈ દલિતને મુખ્યમંત્રી બનાવવામાં આવી શકે છે.

રાજીનામું આપ્યા બાદ યેદિયુરપ્પાએ કહ્યું કે, રાજીનામા માટે તેમની પર કોઈએ દબાણ કર્યું નથી. મેં પોતે રાજીનામું આપ્યું છે. મેં કોઈના નામની ભલામણ નથી કરી. પાર્ટીને મજૂબત કરવા માટે કામ કરતો રહીશ. કર્ણાટકની જનતાની સેવા કરવાની તક આપવા બદલ તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહનો આભાર માન્યો છે.રાજીનામાની જાહેરાત કરતાં યેદિયુરપ્પાએ કહ્યું કે, કર્ણાટકના લોકો માટે ઘણું કામ કરવાનું છે. આપણે બધાએ મહેનત સાથે કામ કરવું જોઈએ. યેદિયુરપ્પાએ કહ્યું કે, તેઓ હંમેશા અગ્નિપરીક્ષામાંથી પસાર થયા છે.યેદિયુરપ્પાએ જૂના દિવસો યાદ કરતાં ભાવુક અંદાજમાં કહ્યું કે, જ્યારે અટલ બિહારી વાજપેયી વડાપ્રધાન હતા, તો તેમણે મને કેન્દ્રમાં મંત્રી બનવા કહ્યું હતું. પરંતુ મેં કર્ણાટકમાં રહેવાનું પસંદ કર્યું. ઉલ્લેખનીય છે કે, યેદિયુરપ્પાએ રવિવારે જ સંકેત આપ્યા હતા કે તેઓ મુખ્યમંત્રી પદ છોડશે. તેમણે કહ્યું હતું કે, રવિવાર અથવા પછી સોમવાર સુધી તે નિર્ણય થઈ જશે.સૂત્રોના જણાવ્યા મુજબ, કર્ણાટકના નવા મુખ્યમંત્રીની રેસમાં પ્રહલાદ જોશી, બીએલ સંતોષ, લક્ષ્મણ સવદી, મુર્ગેશ નિરાણી, વસવરાજ એતનાલ, અશ્વત નારાયણ, ડીવી સદાનંદ ગૌડા, બસવરાજ બોમ્મઈ, વિશ્વેશ્વરા હેગડે વગેરે નામ સામેલ છે.મહત્વપૂર્ણ છે કે ૨૦૧૮માં વિધાનસભા ચૂંટણી બાદ રાજ્યમાં કોંગ્રેસ-જેડીએસની સરકાર બની હતી પરંતુ આ સરકાર એક વર્ષ જ ચાલી શકી હતી અને બાદમાં ભાજપે યેદિયુરપ્પાની આગેવાનીમાં પોતાની સરકાર બનાવી લીધી હતી.યેદિયુરપ્પા પહેલીવાર વર્ષ ૨૦૦૭માં મુખ્યમંત્રી બન્યા હતા. ત્યારે તેઓ ફક્ત એક અઠવાડિયા સુધી ખુરશી પર રહી શક્યા હતા. ત્યારબાદ વર્ષ ૨૦૦૮થી ૨૦૧૧ સુધી રાજ્યના મુખ્યમંત્રી રહ્યા, પરંતુ ભ્રષ્ટાચારના આરોપોમાં રાજીનામું આપવું પડ્યું. ૨૦૧૮માં રાજ્યમાં ચૂંટણી બાદ તેઓ ફક્ત ૨ દિવસ માટે મુખ્યમંત્રી બન્યા અને બહુમત સાબિત ના કરી શક્યા. ત્યારબાદ કોંગ્રેસ અને જેડીએસના ૧૩ ધારાસભ્યો સાથે આવવાથી તેઓ ફરી મુખ્યંત્રી બન્યા. માનવામાં આવી રહ્યું હતું કે, તેઓ રાજ્યમાં વર્ષ ૨૦૨૩ સુધી આગામી ચૂંટણી સુધી મુખ્યમંત્રી રહેશે, પરંતુ આવું ના થઈ શક્યું.

★ હું હંમેશા અગ્નિપરીક્ષામાંથી પસાર થયો છું, કોઈના દબાણમાં રાજીનામું નથી આપ્યું, મને તક આપવા બદલ મોદી-નડ્ડા-શાહનો આભાર, હું મુખ્યમંત્રી પદે રહું કે ન રહું પરંતુ ભાજપ માટે આવનારા ૧૦ થી ૧૫ વર્ષ સુધી કામ કરશો રહીશઃ યેદિયુરપ્પા

★ કર્ણાટકના નવા મુખ્યમંત્રી પદની રેસમાં પ્રહલાદ જોશી, બીએલ સંતોષ લક્ષ્મણ સવદી, મુર્ગેશ નિરાણી, વસવરાજ એતનાલ સહિતના દિગ્ગજો રેસમાં

આ પાછળ અનેક કારણોને જવાબદાર માનવામાં આવે છે. શરૂઆતથી જ પાર્ટીમાં વિરોધ હતો. પાર્ટીના સીનિયર નેતા તેમનો શરૂઆતથી વિરોધ કરી રહ્યા હતા. તેમનું કહેવું હતુ કે યેદિયુરપ્પા તેમને નજરઅંદાજ કરે છે. નવા લોકોને વધારે પ્રાધાન્ય આપે છે. ઉલ્લેખનીય છે કે જ્યારે રાજયમાં પાર્ટીના નેતા યેદિયુરપ્પાને લઈને અસંતુષ્ટી શરૂ થઈ અને પોતાની ફરિયાદો લઈને હાઈકમાન્ડથી મળવા લાગ્યા તો પાર્ટીએ છેલ્લા એક વર્ષમાં તેમના પર દબાવ વધારી દીધો. આવામાં લાગી રહ્યું હતું કે તેમણે જવું જ પડશે.આ પહેલાં યેદિયુરપ્પા ૧૬ જુલાઈએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળવા દિલ્હી પહોંચ્યા હતા. અચાનક થયેલી આ મુલાકાતના પગલે યેદિયુરપ્પાના રાજીનામાની ચર્ચાએ જોર પકડ્યું હતું. એ પછી તેમણે ભાજપના અધ્યક્ષ જે. પી. નડ્ડા, ગૃહમંત્રી અમિત શાહ અને રક્ષામંત્રી રાજનાથ સિંહ સાથે મુલાકાત કરી હતી.

### બંન્ને રાજ્યોના મુખ્યમંત્રીએ અમિત શાહને હસ્તક્ષેપ કરવા માંગ કરી

# અસમ-મિઝોરમ સરહદ પર હિંસા ભડકીઃ ફાયરિંગ અને પથ્થરમારા બાદ પરિસ્થિતિ તંગ

આઈઝોલ/હૈલાકાન્ડી,

અસમ-મિઝોરમ સરહદ પર સોમવારે હિંસા ભડકી છે. સરહદ પર ઘર્ષણ અને વાહનો પર હુમલો થવાના સમાચાર છે. બંને રાજ્યોના મુખ્યમંત્રીઓએ આ મુદ્દે ટ્વીટ કરી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને હસ્તક્ષેપ કરવાની માંગ કરી છે. આ ઘટનાનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં લોકો લાકડીઓ લઈને જોવા મળી રહ્યાં છે. હાલના તણાવે દાયકાઓથી ચાલી રહેલા વિવાદને હવા આપી છે. તેને લઈને રાજકારણ ગરમાયું છે મિઝોરમના મુખ્યમંત્રી ઝોરામથાંગાએ મામલામાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તક્ષેપની માંગ કરી છે. તેમણે ટ્વીટ કરી કહ્યુ કે, તેને તત્કાલ રોકવું જોઈએ. એક અન્ય ટ્વીટમાં તેમણે લખ્યું- ચાહરના રસ્તે મિઝોરમ આવતા નિર્દોશ દંપત્તિ પર ગુંડાએ હુમલો કર્યો અને તેની ગાડીમાં તોડફોડ કરી છે. આખરે આ પ્રકારની હિંસક ઘટનાઓને તમે કઈ રીતે ન્યાયયોગ્ય ઠેરવશો.તો અસમના મુખ્યમંત્રી હિમંતા બિસ્વ સરમાએ ટ્વીટ કરી મિઝોરમના મુખ્યમંત્રીને ફરિયાદ કરી આ મામલામાં દખલની અપીલ કરી છે. તેમણે કહ્યું- આદરણીય ઝોરાથાંગાજી... કોલાસિબ (મિઝોરમ) એસપીએ અમને અમારી પોસ્ટથી ત્યાં સુધી હટવાનું કહ્યું છે જ્યાં સુધી તેના નાગરિક વાત નથી સાંભળતા અને હિંસા નથી રોકાતી. તમે જણાવો આવી પરિસ્થિતિમાં આપણે કઈ રીતે સરકાર ચલાવી શકીએ. મને આશા છે કે તમે જલદી આ મામલામાં દખલ દેશો.અસમના મુખ્યમંત્રી સરમાને ટ્વીટ કરીને ઝોરામથાંગાએ જવાબ આપ્યો અને અસમ પોલીસ પર સવાલ ઉઠાવ્યા છે. તેમણે લખ્યું- પ્રિય હિમંતાજી માનનીય અમિત શાહજી તરફથી મુખ્યમંત્રીઓની શાંતિપૂર્ણ બેઠક બાદ આશ્ચર્યજનક રૂપથી અસમ પોલીસની બે કંપનીઓએ નાગરિકો પર લાઠીચાર્જ કર્યો. એટલું જ નહીં અસમ પોલીસે નાગરિકો પર ટીયર ગેસના સેલ છોડ્યા. તેમણે મિઝોરમની સરહદમાં સીઆરપીએફ કર્મીઓ અને મિઝોરમ પોલીસ પર પણ હુમલો કર્યો.આમ તો બંને પાડોશી રાજ્યો વચ્ચે સરહદ વિવાદ જૂનો છે. બંને રાજ્યોએ સરહદ વિવાદને કતમ કરવા માટે વર્ષ ૧૯૯૫ બાદથી ઘણી વાર્તાઓ કરી પરંતુ તેનો કોઈ ફાયદો થયો નથી. મિઝોરમના ત્રણ જિલ્લા આઈઝોલ, કોલાસિબ અને મમિત અને અસમના ત્રણ જિલ્લા કછાર, કરીમગંજ અને હૈલાકાન્ડી એકબીજા સાથે જોડાયેલા છે. રાજ્યોના આ જિલ્લા એકબીજા સાથે લગભગ ૧૬૪.૬ કિલોમીટરની લાંબી સરહદ શેર કરે છે. હાલનો વિવાદ એવા સમયે સામે આવ્યો છે જ્યારે અમિત શાહે પૂર્વોત્તરનો પ્રવાસ કર્યો હતો.

### સરકાર ખેડૂતોનો અવાજ દબાવવાનો પ્રયાસ કરી રહી છેઃ રાહુલ ગાંધી

# કૃષિ કાયદાઓના વિરોધમાં રાહુલ ગાંધી ટ્રેક્ટર ચલાવી સંસદ પહોંચ્યા




ન્યુ દિલ્હી,

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી સોમવારના સવારે-સવારે દિલ્હીના રસ્તાઓ પર ટ્રેક્ટર ચલાવતા જોવા મળ્યા. કૃષિ કાયદાઓની વિરુદ્ધ કોંગ્રેસ પાર્ટીનું પ્રદર્શન ચાલી રહ્યું છે અને આ ક્રમમાં સોમવારના રાહુલ ગાંધી ટ્રેક્ટર ચલાવીને સંસદ ભવન પહોંચ્યા. રાહુલ ગાંધીની સાથે રણદીપ સુરજેવાલા, દીપેન્દ્ર હુડ્ડા સહિત અનેક કોંગ્રેસી નેતા પણ જોવા મળ્યા. ટ્રેક્ટર પર કૃષિ કાયદાની વિરુદ્ધમાં પોસ્ટર જોવા મળ્યા હતા અને ખેડૂતોને સમર્થનની વાત કહેવામાં આવી.

રાહુલ ગાંધીએ કહ્યું કે, આ ખેડૂતોનો અવાજ છે, ખેડૂતોની વાત સાંભળવામાં નથી આવી રહી. સરકારે આ ત્રણેય કૃષિ કાયદાઓ પાછા લેવા પડશે. આ કાળા કાયદા છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, ખેડૂતો પર ખોટા આરોપ લગાવવામાં આવી રહ્યા છે. તેમને આતંકવાદી કહેવામાં આવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે કૃષિ કાયદાની વિરુદ્ધ ખેડૂતો દ્વારા દિલ્હીના જંતર-મંતર પર કિસાન સંસદ લગાવવામાં આવી રહી છે. ૨૦૦ ખેડૂતો દરરોજ જંતર-મંતર પર સંસદ કરશે, જે સંસદના ચોમાસુ સત્ર સુધી ચાલું રહેશે.

છેલ્લા લગભગ એક વર્ષથી ખેડૂતોનું વિરોધ પ્રદર્શન દિલ્હીની ટિકરી, સિંઘુ અને ગાઝીપુર બૉર્ડર પર ચાલું છે. ખેડૂતોની માંગ છે કે ત્રણેય કૃષિ કાયદા પાછા લેવામાં આવે, પરંતુ સરકારનું કહેવું છે કે કાયદા પાછા લેવામાં નહીં આવે. જો કોઈ બદલાવ કરવો હોય તો સરકાર વાતચીત માટે તૈયાર છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, ખેડૂતોનો જે સંદેશ છે એ અમે સંસદ સુધી લાવ્યા છીએ. ખેડૂતોને દબાવવામાં આવી રહ્યા છે, આ કારણે અમે ટ્રેક્ટરથી આવ્યા છીએ. તેમણે કહ્યું કે, સંસદમાં આ વિષય પર ચર્ચા કરવા દેવામાં નથી આવી રહી.બીજી તરફ ત્રણ કૃષિ કાયદાને પાછા લેવાની માંગને લઈને અકાલી દળના સાંસદોએ આજે સંસદ પરિસરમાં વિરોધ પ્રદર્શન કર્યું. અકાલી દળ સાંસદ હરસિમરત કૌર બાદલે કહ્યું કે, સરકાર માંગ માનવાની જગ્યાએ અન્નદાતાઓને ગાળો આપી રહી છે.

# હૈદરાબાદમાં ૪ની તીવ્રતાના ભૂકંપથી ધરતી ધ્રૂજી ઊઠી

હૈદરાબાદ,

હૈદરાબાદમાં આજે સવારે ૫ વાગ્યે ભૂકંપનાં ઝટકા અનુભવાયા હતા, ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૦ માપવામાં આવી હતી. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ આ માહિતી આપી છે.

આંધ્રપ્રદેશનાં દક્ષિણ હૈદરાબાદમાં આજે સવારે પાંચ વાગ્યે ભૂકંપનાં આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૪.૦ માપવામાં આવી હતી. ભૂકંપનાં આંચકા અનુભવાતા લોકો ઘરની બહાર નીકળી ગયા હતા. સુત્રોનાં જણાવ્યા અનુસાર કોઈ જાન-માલનાં નુકસાન થયુ નથી. પૂર્વ સિક્કિમમાં ગઈકાલે એટલે કે રવિવારે ભૂકંપનાં આંચકા અનુભવાયા હતા. રવિવારે રાત્રે ૮.૩૯ વાગ્યે સિક્કિમનાં કેટલાક વિસ્તારોમાં ભૂકંપનાં આંચકા અનુભવાયા હતા. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૦ માપવામાં આવી હતી. સિસ્કીમમાં ભૂકંપ વિશે નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ માહિતી આપી હતી. ભૂકંપનાં આંચકા અનુભવાયા બાદ લોકો ઘરની બહાર નીકળી ખુલ્લા મેદાનમાં પહોંચી ગયા હતા. સમાચાર અનુસાર ભૂકંપનાં કારણે કોઈપણ પ્રકારની જાન-માલની કોઈ માહિતી બહાર આવી નથી.

# ગોવા સરકારે કર્ફ્યૂની અવધિ ૨ ઓગસ્ટ સુધી વધારી



પણજી,

સમગ્ર દેશ માં કોરોનાની આ બીજી લહેર ઘાતકી બની હતી જેમાં લાખો લોકો ના મોત થયા હતા . ત્યારે સરકાર દ્વારા કોરોના કેસ પર નિયંત્રણ લાવવા સમગ્ર દેશ માં રાજયવાર લોકડાઉન લગાવી દેવામાં આવ્યું હતું. જે અંતર્ગત ગોવા સરકારે રાજયમાં કોરોના કર્ફ્યુ ૨ ઓગસ્ટ સુધી વધાર્યુ છે. મહત્વનું છે કે ૯ મી મેના રોજ રાજ્યમાં પહેલી વાર કર્ફ્યુ લાગવવામાં આવ્યું હતું. વધતા જતા કેસોને લીધે કર્ફ્યુની સમય મર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે. ચીફ પ્રમોદ સાવંતે ટ્વીટ કરીને જણાવ્યું કે રાજ્ય કર્ફ્યુના આદેશને ઓગસ્ટ ૨૦૨૧ સુધી વધાર્યુ છે.ગોવામાં કોરોનાના ૭૫ નવા કેસોના નોધાયા છે. રવિવારે કોરોના ગ્રસ્ત લોકોની સંખ્યા વધીને ૧,૭૦,૪૯૧ થઈ ગઈ છે. કોરોના કારણે છ વધુ દર્દીઓનાં મોતને કારણે મૃત્યુઆંક વધીને ૧૩,૧૨૨ થયો છે. રવિવારે રાજયની હોસ્પિટલમાં ૧૪૯ લોકોને રજા આપવામાં આવ્યા બાદ, સ્વસ્થ થતાં લોકોની સંખ્યા વધીને ૧,૬૬,૨૦૧ થઈ ગઈ છે, જ્યારે સારવાર હેઠળના દર્દીઓની સંખ્યા ૧,૧૫૮ છે. તેમણે કહ્યું કે રવિવારે ૪૪,૪૪૮ નમૂનાઓનું પરીક્ષણ કરવામાં આવ્યું, જેના કારણે અત્યાર સુધીમાં પરીક્ષણ કરાયેલા નમૂનાઓની સંખ્યા વધીને ૧૦,૩૦,૭૮૩ થઈ ગઈ છે.

# ઈન્ડોનેશિયામાં બાળકો માટે 'કાળ' બન્યો ડેલ્ટા વેરિયન્ટઃ અત્યાર સુધીમાં ૮૦૦ના મોત

જાકાર્તા,

કોરોના વાયરસનું ડેલ્ટા વેરિયન્ટ ઈન્ડોનેશિયામાં બાળકો માટે કહેર બનીને આવ્યું છે. ગત કેટલાક અઠવાડિયામાં કોરોના મહામારીથી અનેક બાળકોના મોત થયા છે. આમાંથી અનેક બાળકો એવા છે જેમની ઉંમર ૫ વર્ષથી પણ ઓછી છે. ઈન્ડોનેશિયામાં બાળકોના મોતની ટકાવારી દુનિયાના અન્ય ભાગોની સરખામણીએ ઘણી વધારે છે. અત્યાર સુધી એવું કહેવામાં આવી રહ્યું હતું કે બાળકોને કોરોના વાયરસ મહામારીથી સૌથી ઓછો ખતરો હોય છે.ઈન્ડોનેશિયાની આ ભયાનક સ્થિતિએ દુનિયાને ટેન્શનમાં મુકી દીધી છે. આ મહિને ફક્ત એક જ અઠવાડિયામાં ૧૦૦થી વધારે બાળકોના મોત થયા છે. ઈન્ડોનેશિયા અત્યારે સૌથી વધારે કોરોના વાયરસ કેસોથી ઝઝૂમી રહ્યું છે. કહેવામાં આવી રહ્યું છે કે બાળકોના આ મોત એવા સમયે થઈ રહ્યા છે જ્યારે સમગ્ર દક્ષિણ પૂર્વ એશિયામાં ડેલ્ટા વેરિયન્ટ તબાહી મચાવી રહ્યું છે. શુક્રવારના ઈન્ડોનેશિયામાં કોરોનાના ૫૦ હજાર નવા કેસ સામે આવ્યા અને ૧૫૫૬ લોકોના મોત થયા.બાળકોના ડૉક્ટરો પ્રમાણે ઈન્ડોનેશિયામાં કુલ કોરોનાના સત્તાવાર કેસોમાં ૧૨.૫ ટકા બાળકો છે. ફક્ત ૧૨ જુલાઈના ખત્મ થયેલા અઠવાડિયામાં જ ૧૫૦ બાળકોના મોત થઈ ગયા. આમાંથી અડધા બાળકો ૫ વર્ષથી ઓછી ઉંમરના છે. ઈન્ડોનેશિયામાં અત્યાર સુધી કોરોનાના ૩૦ લાખ કેસ સામે આવ્યા છે અને ૮૩ હજાર લોકોના મોત થયા છે. ઈન્ડોનેશિયામાં કોરોના મહામારી શરૂ થયા બાદ અત્યાર સુધી ૮૦૦ બાળકો માર્યા ગયા છે, પરંતુ આમાંથી મોટાભાગના બાળકોના મોત ગત અઠવાડિયે થયા છે.

# ૨૪ કલાક બાદ વરસાદનું જોર ઘટશેઃ હવામાન વિભાગની આગાહી

અમદાવાદ,

સમગ્ર ગુજરાતમાં મેઘમહેર યથાવત છે. તેવામાં હવામાન વિભાગ દ્વારા આગામી ૨૪ કલાક પણ મેઘમહેર રહેશે તેવી આગાહી કરવામાં આવી છે. આ ઉપરાંત ૨૪ કલાક બાદ વરસાદનું જોર ઘટશે. જો કે અહીં નિરાશ થવાની જરૂર નથી. કેમ કે હવામાન વિભાગે જણાવ્યું છે કે, ૨૮મી જુલાઈથી બંગાળમાં લો પ્રેશર સર્જાશે. જેને કારણે ગુજરાતમાં સારો વરસાદ થશે.હવામાન વિભાગની આગાહી પ્રમાણે આગામી ૨૪ કલાક રાજયમાં મેઘમહેર રહેવાના એંધાણ છે. જો કે ૨૪ કલાક બાદ વરસાદનું જોર ઘટશે. મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. આ ઉપરાંત હવામાન વિભાગે જણાવ્યું છે કે, સૌરાષ્ટ્રમાં દરિયાકાંઠે નોંધપાત્ર વરસાદ થશે.તેમજ હવામાન વિભાગે જણાવ્યું છે કે, ૨૮ જુલાઈએ બંગાળની ખાડીમાં લોપ્રેશર સર્જાશે. જેની અસર ગુજરાતમાં પણ જોવા મળશે. અને આ લો પ્રેશરને કારણે ગુજરાતમાં પણ સારી એવી માત્રામાં મેઘમહેર થશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દાહોદ, પંચમહાલ, સાબરકાંઠામાં ભારે વરસાદ થશે. આ સાથે મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠામાં પણ વરસાદ થશે. અને ગાંધીનગર, અમદાવાદમાં ભારે વરસાદની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

# જવાહર નવોદય વિદ્યાલયની ધો.૬ની પ્રવેશ પરીક્ષા તા. ૧૧મી ઓગસ્ટના રોજ યોજાશે

લુણાવાડા, ભારત સરકારના શિક્ષા મંત્રાલય દ્વારા ચાલુ શૈક્ષણિક સત્ર વર્ષ ૨૦૨૧-૨૨માં ધો.૬ માં પ્રવેશ મેળવવા માટે ઓનલાઇન અરજી કરેલ તમામ વિદ્યાર્થીઓની ધો.૬ની પ્રવેશ માટેની પરીક્ષા આગામી તા. ૧૧/૮/૨૦૨૧ના રોજ સવારના ૧૧-૩૦ થી ૧-૩૦ કલાક દરમિયાન લેવામાં આવનાર છે. આથી જે વિદ્યાર્થીઓએ ધો.૬માં પ્રવેશ મેળવવા ઓનલાઇન અરજી કરી હોય તેઓએ આ પરીક્ષાની નવી જાહેર થયેલ પરીક્ષાની તારીખ. ૧૧/૮/૨૦૨૧ના પ્રવેશ પત્રો નવોદય વિદ્યાલય સમિતિની વેબસાઇટ www.navodaya.gov.in પરથી ડાઉનલોડ કરી લેવા મહીસાગર જિલ્લા ના બાલાસિનોર ખાતેની મૉડેલ હાઈસ્કૂલ, જવાહર નવોદય વિદ્યાલયના આચાર્યએ એક યાદી દ્વારા જણાવ્યું છે.

તેમણે વધુમાં આ પરીક્ષા આપનાર મહીસાગર જિલ્લાસમાંથી પરીક્ષા આપનાર તમામ તાલુકાના વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને સરકારની કોવિડ-૧૯ના દરેક નિયમોનું પાલન કરવા પણ જણાવ્યુંલ છે.

## શેરબજાર, બિટકોઈન અને આઈપીઓમાં રોકાણ કરનાર સાવધાન

# વડોદરામાં વેપારીને લાલચ ભારે પડી: ૨.૦૮ કરોડ ગુમાવવાનો વારો આવ્યો

વડોદરા, વડોદરામાં રહેતા વેપારીને ૨૫ ટકા રિટર્ન મેળવવાની લાલચમાં ૨.૦૮ કરોડ રૂપિયા ગુમાવવાનો વારો આવ્યો છે. શેરબજાર, બિટકોઈન અને આઈપીઓમાં રોકાણના નામે ૧૨ ભેજાબાજોએ વેપારી પાસેથી રૂપિયા ખંખેરી લીધા હતા.

વડોદરાના બિલ ચાપડ રોડ પર રહેતા સ્ટોક માર્કેટનો વેપાર કરતા યુવકને સોશિયલ મીડિયા દ્વારા સંપર્ક કરી શેરબજાર, આઈપીઓ, ફોરેક્સ અને બિટકોઈનનો વેપાર ચાલુ કરવા માટે લાલચ આપી ૧૨ શખસે અલગ-અલગ રીતે ફોન કરીને ૪ કરોડ ઉપરાંતની રકમ ટ્રાન્સફર કરાવ્યા બાદ એમાંથી રિટર્ન પેટે ૧ કરોડ ૯૬ લાખ આપી બાકીના બે કરોડ ઉપરાંતની રકમ નહીં આપી ઠગાઈ કરી હતી. યુવકે આ મામલે સાયબર



ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.વડોદરા શહેરના બિલ ચાપડ રોડ પર રહેતા અને અમદાવાદ જિલ્લાના ધંધૂકાના રહેવાસી ધ્રુવ વિપુલભાઈ શાહ સ્ટોક માર્કેટનો વેપાર કરે છે. ગત ઓક્ટોબર ૨૦૨૦માં તેણે સોશિયલ મીડિયા પર એક જાહેરાત જોઈ હતી, જેમાં શેરબજાર, આઈપીઓ, ફોરેક્સ અને બિટકોઈનનો પોતાનો વેપારધંધો ચાલુ કરવો હોય તો સંપર્ક કરો એમ જણાવી સોશિયલ મીડિયાની લિંક આપેલી હતી.

યુવકે આ લિંક પર ક્લિક કરતાં મહાદેવ બુક્સ નામની ચેનલ ઓપન થઈ હતી અને ત્યાર બાદ તેને લાલચ અપાઈ હતી કે શેર માર્કેટમાં ૧૦ લાખનું રોકાણ કરશો તો મહિને ૨૫ ટકા વળતર મળશે અને અઢી લાખથી ઉપરનું રોકાણ કરશો તો ૧૫ ટકા વળતર મળશે, જેથી યુવકે અઢી લાખના પ્લાનમાં રોકાણ કરવાનું કહેતાં ભેજાબાજોએ તેની સાથે વાતચીત કરી અલગ-અલગ અકાઉન્ટમાં રૂપિયા ૪ કરોડ રોકાણ માટે ઓક્ટોબર-૨૦૨૦થી મે-૨૦૨૧ દરમિયાન સગાં-સંબંધીઓથી પાસે લઈને આ રકમ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી હતી.

ભેજાબાજોએ રિટર્ન પેટે યુવકને ૧ કરોડ ૯૬ લાખ રૂપિયા પરત આપ્યા હતા, જોકે બાકીના ૨.૦૮ કરોડ પરત ન આપી ફોન ઉપાડવાનું બંધ કરી યુવકને બ્લોકમાં નાખી દીધો હતો. આખરે વેપારીએ આ મામલે ૧૨ અકાઉન્ટધારકો સામે ફરિયાદ નોંધાવી હતી. આ મામલે સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

# ગાંધીનગર કોર્ટનો ચુકાદો : પત્નીએ કોર્ટ કેસ કર્યો હોય તે કારણોસર છૂટાછેડા ના આપી શકાય

ગુજરાતના ગાંધીનગર જિલ્લામાં કોર્ટે ૩૦ વર્ષના એક યુવકની છૂટાછેડાની અરજી ફગાવતા કહ્યું કે, કોર્ટ કેસ ફાઈલ કરવાને ક્રૂરતા ના કહી શકાય. પત્ની પોતાના પતિ વિરુદ્ધ કોર્ટ કેસ દાખલ કરે છે માત્ર તે કારણોસર છૂટાછેડા આપી ના શકાય. આ કેસ ચાંદખેડા વિસ્તારમાં રહેતા એક કપલનો છે, જેમના લગ્ન જૂન ૨૦૧૫માં થયા હતા. પતિએ ૨૦૧૭માં ગાંધીનગરમાં સીનિયર સિવિલ જજની અદાલતમાં છૂટાછેડાની અરજી દાખલ કરી હતી.

પતિએ પોતાની પત્ની વિરુદ્ધ અત્યાચારની ફરિયાદ સાથે આ અરજી દાખલ કરી હતી. જો કે પૂરતા પુરાવા રજુ ના કરી શકવાના કારણે કોર્ટે આ અરજી ફગાવી હતી. પતિએ આરોપ મુક્યો હતો કે પત્ની તેના

**૩૦ વર્ષના એક યુવકની છૂટાછેડાની અરજી ગાંધીનગર કોર્ટે ફગાવી, પત્ની અવારનવાર પોલીસ ફરિયાદ કરતી હોવાની યુવકની ફરિયાદ**

વૃદ્ધ માતા-પિતા સાથે સારો વ્યવહાર નથી કરતી. આ સિવાય ૨૦૧૬માં જ્યારે તે ગર્ભવતી હતી ત્યારે ગર્ભપાત કરાવવાનું દબાણ કરતી હતી. ૨૦૧૭માં ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં પત્ની તરફથી દાખલ કરવામાં આવેલી પોલીસ ફરિયાદનો ઉલ્લેખ કરીને પતિએ ફરિયાદ કરી કે પત્ની સતત પરિવારને પરેશાન કરે છે અને આર્થિક નુકસાન પહોંચાડવા માટે કેસ દાખલ કરતી રહે છે.આ પહેલા તેની પત્નીએ અમદાવાદ ફેમિલી કોર્ટમાં અરજી દાખલ કરી હતી.પત્ની તરફથી પણ ગાંધીનગરની મેજિસ્ટ્રેટ કોર્ટમાં ઘરેલુ હિંસાનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો અને ત્યાંથી પતિને આદેશ આપવામાં આવ્યો હતો કે પત્નીને ગુજરાન માટે ભથ્થું આપવામાં આવે. ત્યારપછી પત્નીએ ગુજરાનની રકમ માટે અન્ય એક અરજી દાખલ કરી હતી. સુનાવણી પછી કોર્ટે કહ્યું કે કોર્ટના કેસને ક્રૂરતાની શ્રેણીમાં ના મુકી શકાય અને પતિ દ્વારા કરવામાં આવલી છૂટાછેડાની અરજીને ફગાવી દેવામાં આવી.

# મહીસાગર જિલ્લો કોરોનામુક્ત

## સતત છત્રીસ દિવસે કોરોનાનો એક પણ કેસ નહીં.

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર ડો. મનિષકુમાર બંસલ અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. જિલ્લામાં હાલ એક પણ દર્દી સારવાર હેઠળ નથી.

મહીસાગર જિલ્લા માં સતત પાત્રીસમાં દિવસે એકપણ કેસ ન નોંધાતા મહીસાગર જિલ્લો કોરોનામુક્ત રહ્યો છે. મહીસાગરવાસીઓએ જેમ સતત છેલ્લાત પાત્રીસ દિવસથી કોરોના સંક્રમણને વધતું અટકાવીને જિલ્લા ને કોરોનામુકત બનાવવામાં જિલ્લાર વહીવટીતંત્રને સહયોગ આપ્યોર છે તેવો જ સહયોગ આગામી સમયમાં આપી જિલ્લોટ કોરોનામુકત રહે અને હવે જિલ્લોબ વેકિસનયુકત બને તે જોવા અપીલ કરવામાં આવી છે.

અત્યારસુધીમાં જિલ્લામાં સીઝનલફલુ / કોરોનાના કુલ ૩૧૩૯૩૮ રીપોર્ટ નેગેટીવ આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

# સંતરામપુર સબજેલ ખાતે એચ.આઈ.વી.ટેસ્ટીંગ કેમ્પ યોજાયો



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, આજ રોજ જી.એસ.એન.પી+ અંતર્ગત ચાલતા સુભીક્ષા + પ્રોજેક્ટ અંતર્ગત મહિસાગર ખાતે સંતરામપુર બ્લોકની સબજેલ ખાતે ઉર્વશીબેન ચાવડા દ્વારા એચ. આઇ. વી ટેસ્ટીગનો કેમ્પ કરવામાં આવેલ સ્ટેટ હોસ્પિટલ સંતરામપુર આઈસીટીસી કાઉન્સિલર સુરેન્દ્રસિંહ સિસોદિયા અને એલ.ટી નીરાલીબેન સિસોદિયાના સપોર્ટથી આજ રોજ સબજેલ ખાતે ટોટલ ૭૬ કેદીઓના એચઆઈવી ટેસ્ટીગ કરવામાં આવેલ જેમાં સબજેલના ઈન્ચાર્જ એ.કે. વાગડીયા તેમજ તેમની ટીમ દ્વારા આ કેમ્પને ખુબજ સારો એવો સાથ અને સહકાર મળી રહેલ તે બદલ સુભીક્ષા+ ના ઉર્વશીબેન દ્વારા સબજેલની ટીમનો આભાર માનવામાં આવેલ.

## ૬ ઓગસ્ટે રાજ્ય સરકાર ૫૦,૦૦૦ યુવાનોને રોજગારી આપશે..!

ગાંધીનગર આગામી ૬ ઓગષ્ટે યોજાનારા યુવા શક્તિ દિવસ પર રાજ્ય સરકારે ૫૦,૦૦૦ યુવાનોને રોજગારી આપવા માટે તૈયારીઓ શરુ કરી છે. રાજયના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા તમામ કલેકટરોને પત્ર લખી લક્ષ્યાંક અને કામગીરી અંગે માહિતી અપાઈ છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલને સત્તારૂઢ થયાના પાંચ વર્ષ નિમિત્તે સરકાર અલગ અલગ દિવસની ઉજવણી કરવાની છે. ત્યારે યુવાનો માટે ખાસ સરકાર ખાનગી અને સરકારી નોકરીઓમાં ૫૦,૦૦૦ નિમણૂક પત્રો આપવાની તૈયારીઓ શરુ કરી છે. અલગ અલગ રીજીયન અને જીલ્લા મુજબ ટાર્ગેટ આપવામાં આવ્યો છે. જેના આધારે ૩૩ જીલ્લાઓમાં રોજગાર મેળા યોજાવામાં આવશે. મુખ્ય કાર્યક્રમ મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને,જ્યારે અલગ અલગ જીલ્લાઓમા મંત્રીઓ ધારાસભ્ય અને સાંસદો જોડાશે.ઉપરોક્ત લક્ષ્યાંકને પુર્ણ કરવા માટે જીલ્લા કલેકટરને પત્ર લખાયો છે. જેમાં સરકારી અને ખાનગી અલગ અલગ ભરતીઓ કે જેમાં નિમણૂક આપી શકાય તેની માહિતી મંગાવાઈ છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૨૭-૦૭-૨૦૨૧, મંગળવાર, અષાઢ વદ-૪, સૂર્યોદય-૫-૧૯, સૂર્યાસ્ત-૭-૧૫, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : કુંભ (ગ.સ.), નક્ષત્ર: શતભિષ

- શુભ ચોઘડીયા -
અભિજીત ૧૨-૨૭ થી ૧૩-૨૦ સુધી, ૯-૩૬ થી ચલ-લાભ-અમૃત ૧૪-૩૨ સુધી ૧૬-૧૧ થી શુભ ૧૭-૫૦ સુધી ૨૦-૫૦ થી લાભ ૨૨-૧૧ સુધી, ૨૩-૩૨ થી શુભ- ૨૪-૫૩ સુધી

- શુભ હોરા-
૮-૩૦ થી ૧૧-૪૭ સુધી, ૧૨-૫૩ થી ૧૩-૫૯ સુધી, ૧૬-૧૧ થી ૧૯-૨૯ સુધી, ૨૦-૨૩ થી ૨૧-૧૭ સુધી

## દૈનિક રાશીફળ

તા.૨૭.૦૭.૨૦૨૧ મંગળવાર

મેષ (અ.લ.ઇ.):- સ્વાસ્થ્ય બરાબર રહેશે. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. તમારૂં ખુશમિજાજ વર્તન પારિવારિક જીવનને પ્રબુદ્ધ બનાવશે. આવું ઈમાનદાર સ્મિત ધરાવનારનો સામનો બહુ ઓછા લોકો કરી શકે છે.

વૃષભ(બ.વ.ઉ.):- પત્ની કદાચ તમારો ઉત્સાહ વધારશે. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. તમને એકલવાયું લાગે ત્યારે તમારા પરિવારની મદદ લો. એ તમને હતાશાથી બચાવશે.

મિથુન(ક.છ.ઘ.):- થોડી મોજ-મજા માટે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે. તમારૂં ખુશમિજાજ વર્તન પારિવારિક જીવનને પ્રબુદ્ધ બનાવશે.

કર્ક(ડ.હ.):- વ્યાયમ દ્વારા તમે તમારા વજનને અંકુશ હેઠળ રાખી શકશો. આજે કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ તથા આર્થિક સુરક્ષામાં વધારો કરશે. પારિવારિક જવાબદારીઓનો ડુંગર ખડકાશે-તેના કારણે તમારા મગજ પર તાણ વધશે.

સિંહ(મ.ટ.):- તમારા દિવસની શરૂઆત થોડાક વ્યાયામ સાથે કરો-તમે તમારી જાત અંગે સારી અનુભૂતિ કરો એ સમય આવી ગયો છે-તેને તમારી દૈનિક ક્રિયાનો નિયમિત હિસ્સો બનાવો અને તેને વળગી રહો. આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે.

કન્યા(પ.ઠ.ણ.):- તમારી જાતને બિનજરૂરીપણે ઉતારી પાડવી એ બાબત ઉત્સાહ ઘટાડી શકે છે. તમારા ખર્ચમાં અણધાર્યો વધારો તમારી માનસિક શાંતિમા ખલેલ પહોંચાડશે. પોતાની અંગત સમસ્યાઓ ઉકેલવા માટે મિત્ર તમારી મદદ લઈ શકે છે.

તુલા(ર.ત.):- તમારા નિરાશાવાદી અભિગમને કારણે તમે પ્રગતિ કરી શકતા નથી. સમય પાકી ગયો છો કે તમે એ બાબતને સમજી લો કે ચિંતાએ તમારી વિચાશક્તિને મંદ પાડી દીધી છે. ઉજળી બાજુ તરફ જુઓ અને તમે ચોક્કસ જ તમારી વિવેકશક્તિમાં પરિવર્તન લાવી શકશો.

વૃશ્ચિક(ન.ય.):- તમને તમારા ટૅન્શનમાંથી મુક્તિ મળે એવી શક્યતા છે. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. બાળકો શાળાને લગતા પ્રૉજેક્ટ્સ વિશે સલાહ માગી શકે છે.

ધન(ભ.ધ.ફ.ઢ.):- ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. જો તમારા મગજ પર તાણ હોય- તો તમારા સંબંધી અથવા નિકટના મિત્ર સાથે વાત કરો.

મકર(ખ.જ.):- આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. આજે તમારી સામે અનેક આર્થિક યોજનાએ રજૂ કરવામાં આવશે-કોઈપણ નિર્ણય લેતા પહેલા તમામ સારાં નરસાં પાસાંને તકેદારીપૂર્વક ચકાસજો.

કુંભ(ગ.શ.સ.):- દાંતનો દુખાવો અથવા પેટમાં ગરબડ તમારી માટે સમસ્યા સર્જી શકે છે. તરત રાહત મેળવવા માટે ફિઝિશિયનની સલાહ લો. વગર વિચાર્યે પોતાના પૈસા કોઈને પણ ના આપવા જોઈએ નહીંતર આવનારા સમય માં તકલીફ થયી શકે છે.

મીન(દ.ચ.ઝ.):-તમારો નિખાલસ તથા નિર્ભિક મત તમારા મિત્રના અહંકારને ઠેસ પહોંચાડી શકે છે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખો ધન ચોરી થવા ની શક્યતા છે. તમારો કીમતી સમય તમારા બાળકો સાથે વિતાવો.

# "પ્રેગ્નેટ" મહિલાઓ માટે વેક્સિન કેટલી સલામત.....?

(હર્ષદ કામદાર)

વિશ્વભરમાં કોરોના રસી આપવા માટેનું અભિયાન ચાલી રહ્યા છે ત્યારે વિશ્વના દેશો કોરોનાની રસી પ્રેગનેટ મહિલાઓને આપવા તૈયાર ન હતા કારણ નિષ્ણાતોએ અને વૈજ્ઞાનિકોએ આ બાબતે જરૂરી સંશોધન કર્યું ન હતું. બીજી તરફ યુનિસેફના અહેવાલમાં ૨૦૨૧ માં વિશ્વભરમા ૧૪ કરોડ બાળકો જન્મ લેશે તે પૈકી ભારતમાં લગભગ ૪ કરોડ બાળકો હશે. દરમિયાન વર્ષ ૨૦૨૧ ના માર્ચ મહિનામાં પબમેડ ના અભ્યાસ રિપોર્ટના આધારે એવો દાવો કરેલ કે પ્રેગ્નેન્સી દરમિયાન મહિલાઓને કોરોનાની અસર થાય તો તે પ્રિમેચ્યોર જન્મ થવાનો ખતરો વધવા સાથે અન્ય ગંભીર પરેશાની પણ વધી શકે છે.. ત્યારે નેશનલ નિયોનેરોલોજી ફોરમનુ સંશોધન કહે છે કે કોરોના સંક્રમિત પ્રેગ્નેટ મહિલાઓને અનેક પ્રકારની ગંભીર અસરો થઈ શકે છે.... જેમાં બાળક સમય પહેલા જન્મ થવાથી લઈને ૨૮ દિવસ દરમિયાન મોત થઈ શકે છે. દરમિયાન ભારત સહિત વિશ્વના નિષ્ણાતો અને વૈજ્ઞાનિકોએ પ્રેગ્નેટ મહિલાઓને કોરોના રસી આપવા બાબતે સંશોધન હાથ ધરી દીધું હતું અને સારા પરિણામો સામે આવ્યા.બીજી તરફ ભારત સરકારે નેશનલ ટેકનિકલ એડવાઈઝરી ગ્રુપ ઓન ઈન્યુનાઈજેશન એ ત્રીજી લહેરના સંભવિત ખતરાને લઈને પ્રેગનેટ મહિલાઓ ને કોરોના વેક્સિન સંશોધન પછી વેક્સિન લગાવવાની સલાહ મળ્યા બાદ ૨ જુલાઈ મહિનામા દેશના તમામ રાજ્યોને મહિલાઓને વેક્સિન આપવા માર્ગદર્શીકા જાહેર કરી. દેશમાં બાળકોને છોડીને ફક્ત પ્રેગનેટ મહિલાઓને રસી આપવા અંગે કોઇ સ્પષ્ટતા ન હતી. અને કોરોનાની ત્રીજી લહેરના સંભવિત ખતરાને જોઈને દ્વછૈંની સલાહ- નિર્દેશ અનુસાર દેશ ભરમા મહિલાઓને રસી આપવામાં આવી રહેલ છે. નોંધનીય બાબત એ છે કે ભારતમાં રસીકરણ શરૂ કરવામાં આવ્યું ત્યારે સરકાર પાસે પ્રેગ્નેટ મહિલાઓને રસી આપવાની કોઈ વિગતો હતી નહીં અને હવે સંશોધન બાદ રસી આપવામાં આવી રહી છે.....!

વિશ્વના ૨૮ દેશોએ પ્રેગનેન્ટ મહિલાઓને રસી આપવા માટે મંજૂરી આપી છે જયારે કે ૧૦૦ જેવા દેશોએ કેટલીક શરતોને આધિન રસી આપવામાં આવી રહી છે. કોરોના કાળમાં એવું પણ સામે આવેલ કે કોરોના સંક્રમિત પ્રેગનેટ મહિલાઓમાં કોરોનાના કોઈ લક્ષણ જોવા મળ્યા ન હતા પરંતુ મા અને બાળકના સ્વાસ્થ્ય પર નકારાત્મક અસર પડી રહી છે. તે સાથે પ્રેગ્નન્સી દરમિયાન મહિલાઓ હોસ્પિટલ અને ડોક્ટરના સંપર્કમાં વધુ આવે એટલે તેઓને કોરોના થવાનો ખતરો વધી જાય. જયારે રસી લેનાર પ્રેગનેટ મહિલાઓને કોરોનાનો ખતરો ઓછો છે તથા મૃત બાળક જન્મવાનો તેમજ સમય પહેલા બાળક જન્મવાનું રિસ્ક ઓછું થઈ જાય છે. તેમ જોન હોપકિન્સના વેક્સિન નિષ્ણાતોનું કહેવું છે. તે સાથે તેઓએ જણાવ્યું છે કે અમેરિકામાં ૧.૩૦ લાખ પ્રેગનેટ મહિલાઓને વેક્સિન લગાવવામાં આવી છે ત્યાં કોઈપણ મહિલાને કોઈપણ આડઅસર નથી થઈ એ જ રીતે સ્કોટલેન્ડ, યુકે, કેનેડા, ઓસ્ટ્રેલિયા, ઈઝરાયલ સહિત કેટલાય દેશોમાં પ્રેગનેન્ટ મહિલાઓને વેક્સિન આપવામાં આવી રહી છે. પ્રેગ્નેટ મહિલાઓને વેક્સિન બાબતે કેટલાય દેશોએ સંશોધનો કરેલ છે. જેમાં કોઈ આડઅસર પ્રેગનેટ મહિલાઓને થઈ નથી એવું જોવામાં આવ્યું છે. દેશમાં ક્રિશ્ચિયન મેડિકલ કોલેજ વેલ્લોરના પ્રોફેસર અને વેક્સિન વૈજ્ઞાનિક ડોક્ટરના કહેવા અનુસાર દેશમાં અત્યાર સુધીમાં આપવામાં આવેલ રસીના આધારે કહી શકાય કે પ્રેગનેટ મહિલાઓ માટે વેક્સિન તદ્દન સુરક્ષિત છે......!

# એક શાળા જે સંઘર્ષથી સફળતા સુધી પહોંચી : રાજપુર પ્રાથમિકશાળા ગુણાંકનમા પ્રથમ નંબર





તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી,
દાહોદ જિલ્લો આદિવાસી બાહુલ્ય ધરાવે છે તેમાં કામ કરવું ખૂબ કઠિન બની રહે છે. ઘણી વખતે વાલીઓએ બહારગામ જવું પડે છે આ ઉપરાંત અનેક નાના મોટા પડકારો છે. જેની વચ્ચે આજે આપણે વાત કરવાની છે. દાહોદ જિલ્લાના ૯ તાલુકા પૈકી દાહોદ શહેર થી દૂર છે કિલોમીટર ના અંતરે આવેલી એક ગુણવત્તાસભર તથા દીવાદાંડીરૂપ શાળા રાજપુર પ્રાથમિકશાળા ભારતને આઝાદી મળ્યા ના ટૂંક સમયમાં જ આ શાળા સથાપાઈ હતી. જેની સ્થાપના તારીખ છે. ૩૧-૧૨-૧૯૫૩ના રોજ આ શાળાની સ્થાપના થઇ હતી. ત્યારથી લઈને આજદિન સુધીમાં એ શાળામાં અનેક લોકો અભ્યાસ કર્યો છે. આ શાળાએ સામાજિક,આર્થિક, રાજકીય, સંરક્ષણ તેમજ અનેક ક્ષેત્રે નામી અનામી વ્યક્તિઓ આપ્યા છે.

દાહોદ તાલુકાની કુલ ૨૬૨ શાળાઓ પૈકી સરકારી મૂલ્યાંકન તથા અન્ય ધારાધોરણો પર અવવલ ને ગુણાંકનમા પ્રથમ નંબર મેળવી ને એ (અ) ગ્રેડમાં સ્થાન મેળવનાર શાળા એટલે ''રાજપુર પ્રાથમિક શાળા'' સમગ્ર ૯ તાલુકાઓ પૈકી દાહોદ તાલુકામાં પ્રથમ નંબરે આવી છે. હવે આપણે વાત કરીશું તેના સફળતાના શિખર સુધી જવાની. આ શાળાને રાજપુર ગામની કુલ વસ્તી અંદાજિત ૩૦૦૦ જેટલી છે. જેમાં બહુમૂલ્ય વસ્તી એ આદિવાસી ની છે. જેમાં સ્થાનિક તથા જિલ્લા કક્ષા સુધીના રાજકારણમાં જ શાળામાંથી સફળ નેતૃત્વ કરનારા વ્યકિત આપ્યા છે. ગામની આ શાળાએ માસૂમ વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે જીવન ઉપયોગી સંસ્કાર આપે છે. તો વળી આઝાદી બાદ તુરત સ્થપાયેલા આ શાળા માંથી અભ્યાસ કરયો બાદ હાલમાં પણ કુલ ૧૦ જેટલા જવાનો અલગ અલગ ક્ષેત્રમાં સંરક્ષણ વિભાગ માં ફરજ બજાવે છે. શાળામાં કુલ ૩૭૩ વિદ્યાર્થીઓ છે. જ્યારે આચાર્ય સાથે મળીને કુલ ૧૩ શિક્ષક ભાઈ-બહેનો પોતાની ફરજ અદા કરે છે. જેમાં જિલ્લા શિક્ષણ તાલીમ ભવન દાહોદ ના પ્રોફેસર મુકેશભાઈ ડામોર ના સંતાન એવા તેમના સુપુત્ર પણ આ સરકારી શાળામાં છે. તો વળી આ જ શાળાના આચાર્ય ઈશ્વરભાઈ પ્રજાપતિના બંને દીકરા અને દીકરી અનુક્રમે ધોરણ ૨ અને ૭ માં અભ્યાસ કરે છે. તેઓ પણ આ સરકારી પ્રાથમિક શાળામાં જ પોતાના સંતાનોને પણ આવે છે. આ ઉપરાંત શાળા પરિવારના કુલ શિક્ષકો પૈકી ના અન્ય શિક્ષક મિત્રો ના સંતાનો પણ આ જ શાળામાં અભ્યાસ કરે છે જે સાબિતી આપે છે કે આ શાળામાં શિક્ષણ ગુણવત્તા અને વ્યવસ્થા કેટલી ઉત્તમ હશે. શાળા અત્યાર સુધીમાં પર્યાવરણ માટે વૃક્ષારોપણ કાર્યક્રમ, શાળામાં કિચન ગાર્ડન, ઔષધિય બાગ તથા અન્ય પ્રવૃત્તિઓ થકી ભૌતિક વાતાવરણ જીવંત બનાવ્યું છે. જેમાં પ્રકૃતિની સાથે સ્વચ્છતા ઉપરાંત અન્ય વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ પર વિશેષ ધ્યાન પણ અપાય છે. જ્યારે તાલુકા તથા જિલ્લા કક્ષા ની સ્પર્ધાઓમાં જેવી કેગણિત-વિજ્ઞાન, ખેલ મહાકુંભ, કલા ઉત્સવ તથા અન્ય ક્ષેત્રોમાં જિલ્લા કક્ષા સુધી પ્રતિનિધિત્વ મેળવ્યું હતું. એ સાબિતી આપે છે કે અહીં શિક્ષણની સાથે સાથે સંસ્કાર તેમજ શારીરિક ક્ષમતા ઉપર ખૂબ સારું કામ થઇ રહ્યું છે . શાળાના આચાર્ય ઈશ્વરભાઈ પ્રજાપતિ દ્વારા ધોરણ ૯થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે પરીક્ષાની પૂર્વ તૈયારી થાય તે માટે થઈને ''રાત્રી વાંચન '' સ્વખર્ચે તથા સમય દાન આપીને સતત બે વર્ષથી વધુ સમય ગાળા દરમિયાન આ કાર્ય કરી રહ્યા છે. આવનાર સમયમાં સમાજમાં તથા શાળામાં રવિવાર તથા શાળા સમય બાદ થી વ્યસનમુક્તિ તથા શારીરિક અભ્યાસ વર્ગોની પૂર્વ તૈયારીઓ હાલ ચાલી રહી છે.

શિક્ષણ નિયામક એ પણ બી. આર .સી પાસેથી આ શાળા અંગે વધુ વિગતો મેળવી હતી સરકારે આ અંગેની નોંધ લીધી છે. જેમાં શાળા કક્ષાએથી એસ.ડી.પી પ્લાન મુજબ તમામ નિર્ધારિત લક્ષ્ય હાંસલ કરેલ છે . આ ઉપરાંત બાળકોમાં નિષ્ઠા અને એકતા માટે તેમ જ વસ્તુઓ સરળતાથી મળી રહે તે માટે રાહત દરે '' રામહાટ'' પણ ચાલુ છે. ભૂગર્ભ હોય પૂરતા રૂમોની વાત હોય, રમતનું મેદાન હોય કે અન્ય ભૌતિક સુવિધાઓ આ શાળાની અંદર જરૂરિયાત પૂર્ણ છે.

આ શાળામાં એક બહેનને પ્રતિભાશાળી બેન ડામોર તેજલબાળા તેમજ ભગોરા શારદાબેનને સારી કામગીરી બદલ ગુરુપૂર્ણિમાએ પંચાયત તથા આચાર્ય તેમજ એસએમસી દ્વારા વિશેષ સન્માન કરેલ છે. આચાર્યને કલોલ શાળા કક્ષાએ શ્રેષ્ઠ કાર્ય બદલ સન્માનિત કરવામાં આવેલ છે. આ ઉપરાંત અવંતિકા ફાઉન્ડેશન દિલ્હીથી પણ આ શાળાને એવોર્ડથી સન્માનિત કરેલા છે. માનનીય ભૂતપૂર્વ મુખ્યમંત્રી તત્કાલીન નરેન્દ્ર મોદી દ્વારા વાલિયા તાલુકામાં સારા કાર્યોની નોંધ મુલાકાત અને ઈશ્વરભાઈ પ્રજાપતિ ને અંગત શુભેચ્છાઓ પાઠવી છે.

આ શાળાની અંદર લગભગ તમામ પ્રકારની પ્રવૃત્તિઓ થાય છે જેમાં હાલમાં ચાલી રહેલી કોરોના કાળ દરમિયાન અને જનજાગૃતિ અભિયાન આયુર્વેદિક ઉકાળાનું વિતરણ જરૂરિયાતને મદદરૂપ થવું દરેક રાજકીય ધાર્મિક તેમજ સામાજીક તહેવારોનો ઉત્સાહભેર ઉજવણી તેમજ ભાગ લીધેલા પૈકી વિજેતાઓને ઈનામ વિતરણ કરવું દર વર્ષે ધોરણ ૮ ના વિદ્યાર્થીઓને વિદાય સમારંભ રાખીને પ્રશસ્તિપત્ર તેમ જ પ્રગટ સ્વરૂપે પુસ્તકો આપવા ગાંધી જયંતિ ઉજવણી વૃક્ષારોપણ કાર્યક્રમ વનભોજન શિક્ષકદિન સ્વચ્છતા અભિયાન આરોગ્ય વિશે કેમ્પો બાળાઓ અગ્ર સચિવ મિશ્રા સાહેબ દ્વારા મુલાકાત તથા પ્રોત્સાહન પણ આ બાબતોને લઈને આપેલું છે.

એવું કહેવાય છે કે મન હોય તો માળવે જવાય અને જો મનમાં ધગશ હોય તો તમે સમાજ સેવા શિક્ષણની સાથે કરી શકો છો આ ઉક્તિને સાર્થક કરતા ૩૦ રૂપિયા ૩૦ અભાવ તથા પંચાયત અને સરકારી લાભો જનજન સુધી પહોંચાડવા માટે વહીવટી તંત્રની સાથે રહીને તેનો પ્રચાર પણ કર્યો છે. લોક સાહિત્યથી તેમણે પોતાની શાળાની અંદર લાઈટ ની પણ સંપૂર્ણ બિલ્ડિંગમાં સુવિધા કરી છે. આ ઉપરાંત વર્ષ ૨૦૦૯થી અત્યાર સુધીમાં એ ગ્રેડ સુધીની સફરમાં તેમની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી છે. તો સદર શાળા તમામ ભૌતિક શૈક્ષણિક તેમજ શાળાકીય પ્રવૃત્તિઓમાં પોતે અગ્રેસર રહીને સમગ્ર દાહોદ જિલ્લામાં દાહોદ તાલુકાનું નામ રોશન કરેલ છે. જે બદલ ખુબ ખુબ અભિનંદન પાઠવીએ છીએ અને અન્ય શાળાઓ આ જ શાળા પાસેથી પ્રેરણા લઇ અને પોતે ખૂબ ઉમદા કાર્ય કરે એજ અભ્યર્થના સહ.

# દે.બારીયા નગર પાલિકાનો તાલેબાની ફરમાન થયો

## : વેકસીનેશન ફરજીયાત લેવી પડશે નહિ તો ?

દે.બારીયા,
કોરોનાના સંક્રમણને અટકાવવા માટે અને ગુજરાતના છ કરોડ નાગરિકોની સુરક્ષા રાખવા રાજય સરકારનું આયોજન છે. પરંતુ તાલેબાની ફરમાન નથી. વ્યાપાર-ધંધા, વ્યવસાય કે અન્ય વ્યાપારીક ગતિવિધીઓ સાથે સંકળાયેલા લોકો માટે ગૃહ વિભાગના જાહેરનામાના વિજ્ઞાપનમાં એવું લખેલ નથી કે વેકસીનેશન ફરજીયાત લેવું પડશે. તા.૨૪/૦૭/૨૦૨૧ શનિવારના તમામ દૈનિક છાપાઓમાં જાહેરાત કરવામાં આવી હતી પરંતુ તે વિજ્ઞાપનમાં ફરજીયાતનો શબ્દ જ કોઈપણ છાપાના વિજ્ઞાપનમાં નથી તો પછી દે.બારીયા નગર પાલિકાના ડોર ટુ ડોર કચરાં કલેકશનના વ્હીકલમાં ફરજીયાત વેકસીન લેવો પડશે. જેવાં કે દુકાનો, વાણિજીયક સંસ્થાઓ, લારી ગલ્લા, શોપીંગ સેન્ટરો, માર્કેટયાર્ડ, ગુજરી બજાર તથા હાટ બજાર, હેર કટીંગ સલૂન, બ્યુટીપાર્લર, જીમ કોચીંગ સેન્ટરો, રમતગમતમાં ભાગ લેતા ખેલાડીઓ, સ્પોર્ટ ગ્રાઉન્ડના અને સ્વીમીંગ સેન્ટર, ટયુશન કલાસીસ, વાંચનાલયો, પબ્લીક અને પ્રાઈવેટ બસ ટ્રાન્સફર સેવાઓ આવા તમામ વ્યાપારીક ગતિવિધી સાથે સંકળાયેલા માલિકો, સંચાલકો તથા કર્મચારીઓને વેકસીનેશન લીધાનો સર્ટી પોતાના પાસે રાખવો અગર આમ નહિ થાય તો તમામ વ્યાપાર, ધંધા, વ્યવાસય કરતાંઓને સૂચના આપવામાં આવે છે કે વેકસીનેશન સર્ટી નહિ હોય તો તમામ પાસેથી દંડ વસુલ કરવામાં આવશે શું ? આ સૂચનાથી સરકારી બાબુઓને છુટો દોર નહિ મળી જશે ? રૂપીયા છાપવાનો મશીન સમાન આ સૂચના થઈ નહી જાય તે કોણ કહેશે શું ? આ ભારતીય લોકશાહીમાં તાલેબાની ફરમાન તો સાબિત નહિ થાય આવી અને આમ જનતામાં અટકળોનો જોર પકડયો છે.

અત્રે ઉલ્લેખનિય છે કે શું ? પહેલા આરોગ્યના તમામ કર્મીઓએ વેકસીનેશન લઈ લીધો છે ? ના શું ? મહેસુલીના તમામ કર્મચારીઓએ વેકસીનેશન લઈ સર્ટી લીધા છે કે નહિ શું ? તમામ તલાટી કર્મીઓએ વેકસીનેશન લઈ લીધા છે. તેમની પાસે સર્ટી છે ના શું ? તમામ પોલીસ કર્મીઓએ વેકસીનેશન કરાવી લઈ સર્ટી લીધા છે. બીજા કોરોના લહેરમાં સપડાયેલા પ્રાથમિક તથા માદયમિશ શાળા શિક્ષકોને વેકસીન લીધા છે શું ? જે તાલેબાની ફરમાન કરનારી નગર પાલિકાના તમામ સ્ટાફે વેકસીન લઈને સર્ટી લીધા છે ? તે એ યક્ષ પ્રશ્ન છે. તો પછી આમ જનતા માટે આ તાલેબાની ફરમાન પરત લેવો રહ્યો તેવી આમ જનતાની માંગ ઉઠવા પામી છે. કોરોના જેવા રાક્ષસને અટકાવવા માટે ૧૮૦૦ સેન્ટરસ ઉપર વિના મૂલ્યે વેકસીનનો હેઠળ આવરી લેવા આપણી ગુજરાતની સંવેદનશીલ અને ગતિશીલ સરકાર કટીબદ્ધ છે. ''દવાઈ કે સાથ કડાઈ ભી જરૂરી હૈ'' પરંતુ તાલેબાની ફરમાન માન્ય નથી.

# દાહોદમાં ૫૦૦ પ્રકૃતિપ્રેમીઓનું ૧૦૦૦થી વધુ વૃક્ષારોપણ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ પ્રકૃતિ મિત્ર મંડળ, દાહોદ દ્વારા ગત વર્ષોની માફક આ વર્ષે પણ શહેર નજીક ઉસરવાણ હેલીપેડ પરિસરમાં ઘનિષ્ઠ વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. મુશળધાર વરસાદ હોવા છતાં દાહોદથી આટલે દૂર ખાસ વૃક્ષારોપણ માટે આવેલા ૫૦૦ થી વધુ પ્રકૃતિપ્રેમીઓના હસ્તે ૧૦૦૦ થી વધુ સંખ્યામાં વૃક્ષારોપણ સંપન્ન થયું હતું. હિંદુ, મુસ્લિમ, દાઉદી વ્હોરા, ખ્રિસ્તી સમાજના ધાર્મિક વડાઓની હાજરી અને આશીર્વાદમાં કંકુ- ચોખા છાંટી મંત્રોચ્ચાર સાથે વૃક્ષારોપણ યોજાયું.સાથે દાહોદની આર્ટ ઓફ લીવીંગ, કેમિસ્ટ એસો., નહેરુ યુવા કેન્દ્ર, લાયન્સ કલબ, રોટરી કલબ સહિત દાહોદની અનેક પ્રસ્થાપિત સંસ્થાઓ ઉત્સાહભેર જોડાયા હતા. કોરોનાકાળમાં સહુને ઓક્સિજનની મહત્તા જણાતા વડ, પીપળો, લીમડા જેવા રોપાઓ સાથે અનેક ફળાઉ અને ફૂલના રોપા રોપાયા હતા. આ પ્રસંગે સામાજિક વનીકરણ વિભાગ દ્વારા આવનાર દરેકને તુલસીના રોપા આપ્યાં તથા નેહરુ યુવા કેન્દ્ર દ્વારા કપડાંની થેલી આપવામાં આવી હતી.કાર્યક્રમમાં ડી.એફ.ઓ. આર.એમ. પરમાર, વનવિભાગના અધિકારીઓ અને કર્મીઓ, મંડળના પ્રમુખ ધર્મેન્દ્ર ખત્રી, મંત્રી શાકીર કડીવાલા, કિન્નર દેસાઈ, સુધાંશુ શાહ, પ્રીતિબેન શાહ સહિતના અગ્રણીઓ જોડાયા હતા. ૫૦૦થી વધુ પ્રકૃતિપ્રેમીઓએ ૯૦૦થી ૧૦૦૦ જેટલી સંખ્યામાં વૃક્ષારોપણ કરી ઉછેર થઈ જાય ત્યાં સુધી ધ્યાન રાખવા કટિબદ્ધતા દર્શાવી હતી.

**વૃક્ષારોપણમાં સહુ જોડાયા તે આવકાર્ય...**

કોરોનાકાળમાં ઓક્સિજનની જરૂરત સમજાયા બાદ સહુ લોકો આ દિશામાં જાગૃત્ત બને અને વનના સંવર્ધનમાં સામેલ થઈ દાહોદના પર્યાવરણને હરિયાળું બનાવે તેવી અપીલ છે. આ વખતે વૃક્ષારોપણમાં દુર્લભ પ્રજાતિઓ સાથે પીપળો, વડ કે લીમડા જેવા ઘેઘુર બનતા અને ઓક્સિજનવર્ધક વૃક્ષોને વધુ પ્રાધાન્ય અપાયું છે.
નાસિર કાપડીયા, વૃક્ષારોપણ કન્વીનર.

# કોરોના ગુજરાત : સૌથી વધુ કેસ દાહોદમાં નોંધાયા, અમદાવાદ કોર્પોરેશન બીજા નંબરે, રાજયમાં ૩૦ નવા કેસ

દાહોદ,
રાજયમાં કોરોનાની બીજી લહેરનો શાંત થઈ છે. ત્યારે રાજયમાં સૌથી વધુ નવા કેસ દાહોદ જિલ્લામાં ૬ નોંધાયા છે. જયારે બીજા નંબરે અમદાવાદ કોર્પોરેશન વિસ્તારમાં ૫ નોંધાયા છે. રાજયમાં સતત ચોથા દિવસે રાજયમાં ૩૦ કે તેથી વધુ કેસ સામે આવ્યા છે. ૨૪ કલાકમાં ૩૦ નવા કેસ નોંધાયા છે. જો કે તેની સામે ૪૨ દર્દી સાજા પણ થયા છે. રાજયમાં રિકવરી રેટ ૯૮.૭૪ રહ્યો છે.
અમદાવાદ સહિત ૬ કોર્પોરેશન અને સુરત સહિત ૯ જિલ્લા નવા કેસ નોંધાયા છે. જયારે સતત એક સપ્તાહથી એક પણ મોત નોંધાયું નથી. જામનગર સહિત ૨ કોર્પોરેશન અને અમદાવાદ સહિત ૨૪ જિલ્લામાં શૂન્ય કેસ નોંધાયા છે. જયારે ફરી રાજયમાં ડબલ ડિજિટમાં કયાંય કેસ નોંધાયા નથી. ૨૩મી જુલાઈ સુધી સતત ૧૨ દિવસ સુધી રાજયના એક પણ જિલ્લા કે શહેરમાં કેસ ડબલ ડિજિટમાં નોંધાયા ન હતા.૩૩૦ એક્ટિવ કેસ અને ૫ દર્દી વેન્ટિલેટર પર રાજયમાં અત્યાર સુધીમાં ૮ લાખ ૨૪ હજાર ૭૧૩ના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. જયારે મૃત્યુઆંક ૧૦ હજાર ૭૬ થયો છે. તેમજ અત્યાર સુધીમાં ૮ લાખ ૧૪ હજાર ૩૦૭ દર્દી ડિસ્ચાર્જ થયા છે. એક્ટિવ કેસની વાત કરીએ તો રાજયમાં હાલ ૩૩૦ એક્ટિવ કેસ છે. જેમાંથી ૫ દર્દી વેન્ટિલેટર પર છે, જયારે ૩૨૫ દર્દીની હાલત સ્થિર છે.

# મોટીવાવમાં અતિશય વરસાદથી કાચું મકાન ધરાશાયી થતાં વૃદ્ધનું મોત

લીમખેડા,
લીમખેડા તાલુકાના મોટીવાવ ગામે અતિશય વરસાદને કારણે કાચુ મકાન ધરાશાયી થતા ૮૫ વર્ષના વૃદ્ધનું મોત નીપજયું હતું. બનાવની જાણ હતા. લીમખેડા ટીડીઓ તથા ત.ક.મંત્રીએ ઘટનાસ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. લીમખેડા તાલુકામાં રવિવારે વહેલી સવારથી જ મુશળધાર વરસાદ વરસવાનું શરૂ થયું હતું.

ધોધમાર વરસાદ અને પવનના સૂસવાટાને કારણે બપોરે ૩.૩૦ વાગ્યાના સુમારે એકલવાયું જીવન ગુજારતા મોટીવાવ ગામના ૮૫ વર્ષીય વૃદ્ધ રામસિંગભાઈ માનાભાઈ તડવીનું કાચું મકાન ધરાશાયી થયું હતું. મકાનના કાટમાળ નીચે વૃદ્ધ રામસિંગભાઈ તડવી દબાઈ જતા તેમને ગંભીર ઈજાઓ થવાથી તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.બનાવની જાણ થતા લીમખેડા તાલુકા વિકાસ અધિકારી એફ.વી.બારીયા તથા મોટીવાવ ગ્રામ પંચાયતના ત.ક.મંત્રી પ્રભાતસિંહ પટેલ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા. તેઓએ મૃતક રામસિંગભાઈ તડવીના મૃતદેહનું પોસ્ટમોર્ટમ પ્રક્રિયા માટેની તજવીજ હાથ ધરી સરકારી સહાય માટે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# દાહોદ જીલ્લામાં ધો.૯ થી ૧૧ની શાળાઓ શરૂ થતાં વિદ્યાર્થીઓની ચહલપહલ જોવા મળી

દાહોદ,
ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા આજથી ધોરણે ૦૯ થી ૧૧ શાળાઓનો પ્રાંભ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે તેની સાથેજ દાહોદ જિલ્લામાં પણ આજથી ધોરણે ૦૯ થી ૧૧ ના વર્ગખંડોમાં વિદ્યાર્થીઓની ચહર પહલ જોવા મળશે. વિદ્યાર્થીઓને શાળાએ મોકલવા કે, નહીં મોકલવા તે માટે વાલીઓ પાસેથી સંમતિપત્રક પણ મંગાવવામાં આવ્યાં છે.

કોરોના કાળના બે વર્ષ વિતી ગયાં બાદ પણ કોરોના હજુ ગયો છે. કોરોનાની બીજી લહેરમાં પણ શિક્ષણ વિભાગ દ્વારા શાળાઓ બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. લગભગ મહિનાઓ સુધી શાળાઓમાં તાળા લટક્તાં જોવા મળી રહ્યાં છે. કોરોનાના ડરના કારણે વાલીઓ પણ પોતાના બાળકોને શાળાએ મોકલવા હિતાવહ સમજતાં નથી બીજી તરફ રાજ્ય સરકાર દ્વારા પણ શાળાઓ ખોલવાનો નિર્ણય સમજી વિચારીને કરી રહી છે ત્યારે દાહોદ જિલ્લામાં પણ આજથી ધોરણ ૦૯ થી ૧૧ના વર્ગો ચાલુ કરવા શિક્ષણ વિભાગ દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે. જાણવા મળ્યાં અનુસાર, વિદ્યાર્થીઓની ૫૦ ટકા હાજરી વચ્ચે શાળાઓ શરૂં કરી શકાશે. શાળાએ પણ સરકારની એસઓપીનું પાલન કરવાનું રહેશે તેની સાથે સાથે શાળાઓમાં કોરોના ગાઈડ લાઈનનું વિદ્યાર્થીઓ સહિત શિક્ષકોએ પણ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. શાળાઓમાં સેનેટરાઈઝર, ફરજીયાત માસ્ક અને સોશીયલ ડિસ્ટન્સના પાલન સાથે શાળાઓ શરૂં કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. બીજી તરફ પોતાના બાળકોને શાળાએ મોકલવા માટે વાલીઓ પાસેથી સંમતિપત્ર ફરજીયાત કરી દેવામાં આવ્યું છે. ઘણા લાંબા સમયથી બંધ પડેલ આ વર્ગખંડો ફરી વિદ્યાર્થીઓની ચહલ પહલથી શરૂં થશે.

# આઝાદીના અમૃત મહોત્સવના ભાગરૂપે યુવા લેખક યોજના અંતર્ગત યોજાશે લેખન સ્પર્ધા

દાહોદ,
પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ શિક્ષણ ક્ષેત્રે યુવાનોને પ્રોત્સાહન આપવા માટે યુવા લેખક યોજના શરૂ કરી છે. જેનો ઉદ્દ્શ્ય દેશના યુવાનો જે લેખક બનવા માંગતા હોય તેમને ઉચિત પ્લેફોર્મ પૂરું પાડવાનું છે. આ યોજના અંતર્ગત યોજાનારી સ્પર્ધા દાહોદના યુવાનો માટે લેખક બનવાની ઉત્તમ તક લઇને આવી છે.

આ યોજના અંતર્ગત ભારતીય વિરાસત અને ઈતિહાસને આગળ વધાવવાનો મોકો આપવામાં આવશે. https://innovateindia.mygov.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. જેમાં આઝાદીના અમૃત મહોત્સવના ભાગ રૂપે આઝાદીના ગુમનામ નાયક, રાષ્ટ્રીય આંદોલન વિશે ઓછા જાણેલા તથ્યો, રાષ્ટ્રીય આંદોલનમાં વિવિધ ભૂમિકા, રાષ્ટ્રીય આંદોલનમાં રાજનૈતિક,સંસ્કૃતિક, આર્થિક તેમજ વિજ્ઞાન સંબંધિત નવા દ્રષ્ટિકોણનો પરિચય જેવા વિષય ઉપર ઓછામાં ઓછા ૫,૦૦૦ શબ્દોમાં ૩૧ જુલાઈ ૨૦૨૧ સુધીમાં અંગ્રેજી અથવા ૨૧ ભાષા માંથી કોઈ પણ ભાષામાં મોકલી શકાશે.
આ યોજના દ્વારા પસંદગી પામનાર યુવાનને પ્રતિમાસ ૫૦,૦૦૦ રૂપિયા ૬ માસ સુધી શિષ્યવૃત્તિ તરીકે અપાશે. વધું માહિતીની જરૂર જણાય તો https://innovateindia.mygov.in પર સંપર્ક કરવા દાહોદનાં નેહરુ યુવા કેન્દ્રનાં જીલ્લા યુવા અધિકારી અજીત જૈને જણાવ્યું છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 285

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# પંચમહાલ જીલ્લામાં સીએનજી ગેસ પંપો ઉપર રી-ટેસ્ટીંગ વગરના વાહનોમાં ગેસ ભરવાનું બંધ કરતા ઓટો રીક્ષા ચાલકોની રોજગારીનો પ્રશ્ન થતાં કલેકટરને રજુઆત



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા, પંચમહાલ જીલ્લામાં મોટા પ્રમાણમાં સીએનજી ઓટો રીક્ષા અને સીએનજી કારોનું રજીસ્ટ્રેશન થયેલ છે. સીએનજી બોટલોનું ત્રણ વર્ષ રી–ટેસ્ટીંગ કરવાની થતી હોય છે. જીલ્લાના સીએનજી પંપ સંચાલકો એ રી–ટેસ્ટીંગ થયા વગરની રીક્ષા અને કારોમાં ગેસ ભરવાનું બંધ કરવામાં આવ્યું છે. જેને લઈ રીક્ષા ચાલકોનો રોજગારીનો પ્રશ્ન ઉભો થયો છે. ચારે સીએનજી બોટલોનું રી–ટેસ્ટીંગ ન થાય ત્યાં સુધી ગેસ પંપ ઉપર થી ગેસ ભરી આપવામાં આવે તેવી રજુઆત સાથે જીલ્લા કલેકટરને રીક્ષા ચાલકો દ્વારા રજુઆત કરવામાં આવી છે.

પંચમહાલ જીલ્લામાં રોજગારીની તકો ખૂબ ઓછી છે. જેને લઈ અને શિક્ષીત બરોજગાર યુવાનો પણ ઓટો રીક્ષા ચલાવીને ગુજરાન ચલાવતા હોય છે. પંચમહાલ જીલ્લામાં અસંખ્ય સીએનજી ઓટો રીક્ષા અને સીએનજી કારોનું રજીસ્ટ્રેશન થયેલ છે. હાલમાં ગુજરાત ગેસ કંપની પ્રા.લી. દ્વારા ગેસ પંપોને સીએનજી બોટલોનું રી–ટેસ્ટીંગનું થયું હોય તેવા વાહનો રી–ટેસ્ટીંગ કરાવવા માટેનું સુચન કરતાં બોર્ડ ગેસ પંપ ઉપર મુકવામાં આવ્યા હતા. જેના ૧૦ દિવસ માંડ થયા છે. ત્યાં ગેસ પંપોના સંચાલકો દ્વારા રી–ટેસ્ટીંગ થયેલ ન હોય તેવા સીએનજી વાહનોમાં ગેસ ભરવાનું બંધ કરેલ છે. તેમાં મોટાભાગે ઓટોરીક્ષા ચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. કારણ કે કોરોના મહામારીમાં ધંધા રોજગાર બંધ હોવાથી ઘરનું ગુજરાત ચલાવવાનું મુશ્કેલ હતું. હવે માંડ માંડ ધંધા રોજગાર પુનઃ શરૂ થયા છે. ઓટોરીક્ષા ચાલકો રોજ કમાઈ રોજ ખાવાવાળો વર્ગ છે. તેવા કપરા સમયમાં સીએનજી બોટલોનું રી–ટેસ્ટીંગ કરવા માટે દબાણ ઉભું કરવામાં આવ્યું છે. સીએનજી બોટલોનું રી–ટેસ્ટીંગ પણ સુરક્ષાની દ્રષ્ટીએ જરૂરીયાત છે. પરંતુ જીલ્લામાં ગોધરામાં–૧ અને હાલોલ એમ બે સ્થળો એ સીએનજી બોટલોનું રી–ટેસ્ટીંગ કરવામાં આવે છે. આવા સીએનજી રી–ટેસ્ટીંગ સેન્ટરોમાં દિવસમાં ૨૫ થી ૩૦ વાહનોનું રી–ટેસ્ટીંગ થાય છે અને તેમાં પણ વેઈટીંગ યાદી દોઢ માસ જેટલો છે. જો ઓટોરીક્ષા ચાલકો સીએનજી બોટલોનં રી–ટેસ્ટીંગ માટે ઉતાવળ કરે તો પણ ૨૦ થી ૩૫ દિવસે તેમનો નંબર સીએનજી બોટલના રી–ટેસ્ટીંગ પંપો ઉપર રી–ટેસ્ટીંગ માં આવે તેમ છે. જયારે કપરાકાળ માંથી માંડ માંડ રોજગારીની તકો ઉભી થઈ છે. તેવા સમયે સીએનજી બોટલના રી–ટેસ્ટીંગ વગર સીએનજી સીએનજી બોટલના રી–ટેસ્ટીંગ માટે બે માસ સુધીની છુટછાટ આપવા માંગ કરી હતી. તેમજ જીલ્લામાં આવેલ

- સીએનજી બોટલના રી-ટેસ્ટીંગ સેન્ટરોમાં દોઢ મહિનાનું વેટીંગ.
- રીક્ષા ચાલકો એ રી-ટેસ્ટીંગ માટે બે માસનો સમય માંગ્યો.
- રી-ટેસ્ટીંગ વગર ગેસ ન ભરાતા રીક્ષા ચાલકોને ભુખે મરવાનો વારો.
- રીક્ષા ચાલકો એ જીલ્લા કલેકટરને સીએનજી બોટલના રી-ટેસ્ટીંગ માટે બે માસની મુદ્દત માંગી.

પંચમહાલ જીલ્લાના તમામ સીએનજી પંપો ઉપર રી–ટેસ્ટીંગ ન થયા હોય તેવા વાહનોમાં ગેસ ભરવાનું બંધ કર્યુ છે. જેને લઈ ઓટોરીક્ષા ચાલકોની રોજગારીના પ્રશ્ન ઉભો થયો છે. કોરોનાના પંપો એ ગેસ ભરવાનું બંધ કરેલ છે. જેને લઈ ગોધરા શહેરના ઓટોરીક્ષા ચાલકો દ્વારા આજરોજ પંચમહાલ જીલ્લા કલેકટરની કચેરી ખાતે કલેકટરને આવેદનપત્ર આપીને ઓટોરીક્ષા ચાલકોને સીએનજી બોટલ કીટના રી–ટેસ્ટીંગ કીટ રી–ટેસ્ટીંગના ભાવ નિયત કરવામાં આવે તેમજ ગેસ પંપોને રીક્ષાઓમાં ગેસ ભરવા માટેનું સુચન કરવા રજુઆત કરવામાં આવી.

## ગોધરા તાલુકાના ગામોમાં હિન્દુ વિહોણા બનાવાના લેન્ડ જેહાદને રોકવા વીએચપી દ્વારા જીલ્લા કલેકટરને આવેદન અપાયું


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા, પંચમહાલ જીલ્લાના ગોધરા તાલુકા તથા ગોધરા શહેરની આજુબાજુના ગામોને હિન્દુ વિહોણા બનાવવા અંગેનું ખુબ મોટું ષડયંત્ર ચાલી રહ્યુ છે. હાલમાં ગોધરા તાલુકાના ગામો જેવા કે, વણાંકપુર, સારંગપુર, દયાળ, હમીરપુર, તાજપુર ( છીપા ), દરૂણીયા, સામલી, બેટીયા, ચીખોઢા, લીલેસરા, થાણાગર્જન, પોપટપુરા, નાંદરખા, કાલંત્રા, ચલાલી વિગેરે જેવા ગામોમાં મુસ્લિમો દ્વારા લેન્ડ ઝેહાદના ષડયંત્ર અંતર્ગત આદિવાસી હિન્દુઓ જેવા કે, રાઠવા, નાયકા, નાયક, બારીઆ વિગેરે જેવા હિન્દુ ખેડુતો / સામાન્ય ફન્દુ નાગરિકોની જગ્યાઓમાં ખોટા પુરાવા ઉપજાવી તેમજ ધાક – ધમકી દ્વારા તથા યેનકેન પ્રકારે હડપ કરીને હિન્દુઓને જમીન વિહોણા કરીને આખેઆખા ગામો માંથી હિન્દુઓને હિજરત કરાવી તમામ ગામો હિન્દુ વિહોણા થઇ જાય તેવા પ્રકારનું લેન્ડ ઝેહાદનું ષડયંત્ર ચલાવી રહ્યા છે . આ ષડયંત્ર દ્વારા જે હિન્દુઓ સામાજીક, આર્થિક અને શૈક્ષણિક રીતે પછાત (ગરીબ આદિવાસી) છે. તેવા પરિવારોની–જમીન / જગ્યાઓ આ ષડયંત્ર અંતર્ત છીનવી લેવામાં આવી રહેલ છે . આ ગરીબ પરિવારો ખેતિના માધ્યમથી કે કાળી મજુરી કરીને પોતાનું જીવન ગુજારે છે. છેલ્લા ઘણા વર્ષોથી નામચીન મુસ્લિમો દ્વારા ગોધરા તાલુકામાં તથા ગોધરા શહેરની આસપાસના ગામોમાં આવા ગરીબ હિન્દુ પરિવારોની જમીન/જગ્યાઓ પડાવી તેઓને પોતાનું ગામ છોડી બીજા ગામે સ્થળાંતર કરવા મજબુર કરવાનું ષડયંત્ર ચાલી રહ્યુ છે. આના કારણે આવનાર સમયમાં મોટાભાગના ગામો હિન્દુ વિહોણા થઇ જશે. છેલ્લા ઘણાવર્ષોથી માથાભારે મુસ્લીમ ઈસમો દ્વારા ગોધરાની આજુબાજુમાં એટલે કે ગોધરાથી લઈને વેજલપુર રોડ પર મોટા ભાગની જમીનો પચાવી પાડવામાં આવી છે. તેવીજ રીતે ગોધરાથી લઈને અમદાવાદ રોડ ભામૈયા ત્રિમંદિર સુધી આવા જ પ્રકારની પરિસ્થિતિનું નિર્માણ થઇ રહેલ છે. જેથી આપ સાહેબને વિશ્વ હિન્દુ પરિષદ તરફથી આ આવેદન પત્ર દ્વારા આ હિન્દુ ગરીબ પરીવારોને ન્યાય આપવા માટે એક કમીટીની રચના કરી છેલ્લા ઘણા વર્ષોથી ચાલી રહેલ લેન્ડ જેહાદ ષડયંત્રની તપાસ થાય અને ગરીબ હિન્દુ પરિવારોને ન્યાય મળે અને હિન્દુ ગામો હિન્દુ વિહોણા થતા અટકી શકે તેવી આપ સાહેબ પાસે અપેક્ષા છે . જો આવનાર સમયમાં યોગ્ય ન્યાય નહી મળે તો ખુબ જ ખરાબ પરીણામ આવી શકે તેમ છે.

## કાલોલના ડેરોલ સ્ટેશન ગામમાં ધોરણ ૧૦ની પરીક્ષા ખંડ મા ડમી વિદ્યાર્થી ઝડપાયો


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ, સમગ્ર ગુજરાતમાં હાલ એસએસસી બોર્ડની રીપીટર પરીક્ષા ચાલુ રહેલ છે. ત્યારે કાલોલ તાલુકાના ડેરોલ સ્ટેશન ગામ ખાતે આર.એન.બી.સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે એસ એસ સી બોર્ડ કેન્દ્ર નંબર ૫૯૩૨ છે. શાળામાં બ્લોક નંબર નવ વિદ્યાર્થી નો નંબર પાડેલા જે આજરોજ ધોરણ ૧૦માં અંગ્રેજી વિષય પેપર ૧૦ થી ૧ વાગ્યા સુધીનો સમય હતો. જેમાં દરેક વિદ્યાર્થીઓ પોતપોતાના બ્લોકમાં બેસી ગયેલા હતા. આ પરીક્ષામાં ખંડ નિરીક્ષક સંચાલન તરીકે ચૌહાણ અજય સિંહ ચંદ્રસિંહ બાકરોલ સાર્વજનિક વિદ્યાલય ના હતા તેઓ ૧૦:૦૦ વાગ્યે ગયેલ અને દરેક વિદ્યાર્થીઓના ઉત્તરવાહિની વહેચણી કરી પ્રશ્ન પેપર ની વહેચણી કરેલ આ બ્લોક માં કુલ ૧૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા બેઠેલા હતા તે દરમિયાન વિદ્યાર્થીઓને રીસીપ્ટ ચેક કરવાની કામગીરી કરાવતા હતા અને ચેક કરતા છેલ્લે થી બીજા નંબરની પાટલી ઉપર બેઠેલા વિદ્યાર્થી ની રીસીપ્ટ ચેક કરતા જે રીસીપ્ટ નંબર ૨૬૦૦૭૦૦નો લખેલો હતો જેમાં વિદ્યાર્થીનું નામ ચમાર મહેન્દ્રકુમાર રત્નાભાઇ લખેલું હતું જે વિદ્યાર્થી નો ફોટો જોતા જે પરીક્ષા આપવા બેઠેલો વિદ્યાર્થી તથા રીસીપ્ટ બતાવેલ ફોટો અલગ આવેલ જેથી તેઓને બ્લોક માં લઇ જઇ પૂછપરછ કરતાં ખંડ નિરીક્ષક તે જ શાળાના હોવાથી રીસીપ્ટ વાળો ફોટો તથા પરીક્ષા આપવા બેઠેલો વિદ્યાર્થી જોતા અલખ જણાય આવેલ જેથી આ વિદ્યાર્થી ઊભો કરી ઓફિસમાં લઈ જાય ખાતરી કરતાં તેણે પોતાનું નામ ચમાર રાજવીર હર્ષદભાઈ જણાવેલ જ્યારે રીસીપ્ટ માં જોતા ચમાર મહેન્દ્રકુમાર રતનભાઈ લખાવેલા નામ ની રીસીપ હતી જેથી આ બાબતે સરકારી પ્રતિનિધિ દિનેશભાઈ ચૌહાણ જાણ કરેલ તેમને કાયદેસર કાર્યવાહી કરવા સારુ ખંડ નિરીક્ષક ચૌહાણ અજય સિંહ ચંદ્રસિંહ નાઓ ને સાથે રાખી કાલોલ પોલીસ સ્ટેશને ટેલિફોન મારફતે જાણ કરેલ જે ડમી વિદ્યાર્થી ચમાર રાજવીર હર્ષદભાઈ નાઓ તથા રીસીપ્ટ દર્શાવેલ પરીક્ષાર્થી ચમાર મહેન્દ્ર કુમાર રત્નાભાઇ નામ ની રીસીપ્ટ નો ઉપયોગ કરી પરીક્ષા આપવા બેસી ગુણો કરેલ જેઓને સામે કાયદેસરની કાર્યવાહી કરવા સારું કાલોલ પોલીસ સ્ટેશનમાં આર એન બી સાર્વજનિક હાઇસ્કૂલ ડેરોલ ટેશન ના પ્રિન્સિપાલ દ્વારા ફરિયાદ નોંધવામાં આવેલ છે

## પંચમહાલ જિલ્લા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે આવેદનપત્ર અપાયું


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ગોધરા, ગુજરાત રાજયની અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોના પ્રશ્નો ખૂબ લાંબા સમયથી અટકેલા છે. ત્યારે કર્મચારીઓ દ્વારા વિવિધ પ્રકારે સરકાર સામે માંગણીઓ પૂરી કરવા માટે લેખિત તથા મૌખિક રજૂઆતો કરી રહ્યા છે. સરકાર દ્વારા આ અંગે કોઈપણ પ્રકારનો નિર્ણય ન કરાતા પંચમહાલ જિલ્લાની શાળાઓના શિક્ષક કર્મચારીઓ દ્વારા આજરોજ હાલોલ ખાતે સરકારના મંત્રી જયદ્રથસિંહ પરમાર ને‘‘ પ્રથમ તબક્કાના આંદોલન‘‘નુ આવેદનપત્ર આપ્યું છે.

આવેદનપત્ર આપવા માટે સરકારના કોવિડ–૧૯ના નિયમો અનુસાર પંચમહાલ જિલ્લા ઉચ્ચતર માધ્યમિક સંઘના પ્રમુખ અને પૂર્વ બોર્ડના સદસ્ય મૃગેન્દ્રસિંહ, માધ્યમિક સંઘના પ્રમુખ પી. એસ. પરમાર તથા પી. જે. પટેલ, ભાવેશ પંચોલી,જોષી દ્વારા શિક્ષકોના પડતર પ્રશ્નોને લઈ મંત્રી જયેદ્રસિંહ પરમારને આવેદન પત્ર આપવામાં આવ્યું. સાથે સાથે તેઓએ જણાવ્યું છે કે, સરકાર વહેલી તકેઅમારી માંગણીઓ પૂરી ન કરે તો ક્રમશઃ આંદોલનના માર્ગે જતા અટકીશુ નહીં.

## પાવાગઢ યાત્રાધામના તળેટીમાં ખુણીયા મહાદેવનો ધોધ શરૂ થતાં સહેલાણીઓ ઉમટી પડયા



પાવાગઢ, પાવાગઢ યાત્રાધામ ખાતે વરસાદી માહોલ સર્જાયો છે. છેલ્લા બે દિવસ થી મેઘરાજા એ મહેર કરતાં પાવાગઢ તળેટીમાં આવેલ ખૂણીયા મહાદેવ ખાતે પાણીનો ધોધ ચાલુ થયો છે. ધોધની મજા માણવા સહેલાણીઓ ઉમટી પડયા છે.પંચમહાલ જીલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢમાં બે દિવસ થી વરસાદી માહોલ સર્જાયો છે. પાવાગઢ પંથકમાં મેઘરાજા એ અવિરત વરસતા પાવાગઢ ડુંગર ઉપર થી આવતાં પાણીનો ધોધ ચાલુ થયા છે. તેમાં પાણી પાવાગઢ તળેટીમાં આવેલ ખૂણીયા મહાદેવ ખાતે વિશ્વામિત્રી નદીનો ધોધ શરૂ થતાં સહેલાણીઓ ધોધનો નજારો માણવા મોટી સંખ્યામાં મોટી ઉમટી પડયા છે. આજ દિવસભર ધીમીધારે વરસાદ વરસી રહ્યો હતો. તેની વચ્ચે સહેલાણીઓએ કુદરતી સૌંદર્યની મજા માણતાં જોવા મળ્યા.

## જીલ્લા સહિત શહેરા તાલુકામાં વરસાદ થતાં પાકને જીવતદાન મળ્યું


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરા સહિત જિલ્લામાં સારો વરસાદ થતા ખેતી પાકને જીવતદાન મળ્યું હતું. જ્યારે વિજાપુર, મંગલિયાણાં સહિત તાલુકાના અન્ય ગામમાં પવન સાથે આવેલા વરસાદના કારણે અમુક ખેડૂતોનો મકાઈનો પાક ઢળી પડતાં ખેડૂતો ચિંતીત થઈ ઉઠયા છે.શહેરા સહિત જિલ્લામાં વરસાદી માહોલ જામતા ખેડૂતો ખુશખુશાલ થઈને ખેતીકામમાં જોતરાયા હતા. ખેતી પાકને પાણીની તાતી જરૂરિયાત વચ્ચે સારો વરસાદ થતા મકાઈ, ડાંગર સહિત અન્ય પાકને જીવતદાન મળ્યું છે. જયારે વિજાપુર, મંગલીયાણા, ભેંસાલ સહિત તાલુકાના અન્ય ગામોમાં પવન સાથે આવેલા વરસાદના કારણે અમુક ખેડૂતોનો ખેતરમાં રહેલ મકાઈનો ઉભો પાક જમીનદોસ્ત થતા પાકને નુકશા ન જવાની ભીતિ ને લઈને ખેડૂતો ભારે ચિંતિત થઈ ઉઠ્યા હતા. બીજી તરફ મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થવા સાથે સારો એવો વરસાદ પડતા ખેડૂત પરિવાર ખેતરમાં ડાંગર રોપણી કરવા સહિત ખેતીકામમાં જોતરાયા હોય તેવા દ્રશ્યો ઠેર નજરે પડી રહયા છે.


તસ્વીર : હિમાંશુ પંડયા, નદીસર

વરસાદમાં મસ્તી થી ઝૂમતા જતા ગજરાજ અને ગજરાજ પર મૂકેલો સામાન પલળી ન જાય તે માટે ગજરાજ ને પણ તાડપત્રીની કવર ઢાંકેલું અને મહાવતની સાંકેતિક ભાષાની સૂચનાને શાંતિ થી અનુસરતા ગજરાજ.